## જન્મદિને વધામણી



કબીર સુનિલ પરમાર
મો. ૯૮૨૪૬ ૮૧૬૬૪



ઝંકૃતિ ચંદ્રકાન્ત રાવલ
મો. ૯૭૨૬૧ ૬૬૧૧૩



પ્રવિણસિંહ એસ રાઠોડ
મો. ૯૭૨૩૮ ૩૧૭૬૧

### સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની જાહેરાત

# યુનિવર્સિટી વિભાગો અને સંલગ્ન કોલેજો પણ સ્પોર્ટસ લીગમાં સામેલ થઈ શકશે

ગાંધીનગર, તા. ૨૭

રમતવીરોની વધુ સામેલગીરીને પ્રોત્સાહન મળે અને સ્પોર્ટસ લીગ વધુ સમાવેશી બને તે ઉદ્દેશથી ગુજરાત સરકારે સ્પોર્ટસ આથોરિટી ઓફ ગુજરાત મારફતે નિર્ણય કર્યો છે કે યુનિવર્સિટીના વિભાગો અને સંલગ્ન કોલેજો પણ અલાયદી ટીમ્સ ઉતારીને તાજેતરમાં જાહેર કરાયેલ ગુજરાત સ્કૂલ એન્ડ કોલેજ સ્પોર્ટસ લીગમાં સામેલ થઈ શકશે.

વધુમાં યુનિવર્સીટી અલગ ટીમ તરીકે ભાગ લઈ શકશે. ખેલાડીઓને યુનિવર્સિટી તરફથી અથવા સંલગ્ન યુનિટ તરફથી રમવાની છૂટ મળશે, પરંતુ નોક-આઉટ અથવા લીગ દરમ્યાન બીજી ટીમમાં સામેલ થઈ શકશે નહીં. જે લોકો નોંધણી કરાવી ચૂક્યા છે અથવા તો ખેલાડીઓ બદલવા માંગે છે તેમને નોક-આઉટ પહેલાં આવી છૂટ મળશે. કોલેજો અને યુનિવર્સિટી માટે સોમવાર તા.૨૮ સપ્ટેમ્બર સુધીમાં www. khelgujarat.org ઉપર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા તાજેતરમાં પાંચ લોકપ્રિય રમતોની સ્પોર્ટસ લીગ શરૂ કરાઈ છે. ગુજરાતમાં રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહન માટે અને રાજ્યમાં રમતગમત ક્ષેત્રે ઉભરતી પ્રતિભાઓના વિકાસ માટે આ રમતોમાં પ્રતિભા શોધ માટે સ્પર્ધાત્મક માળખું જરૂરી છે, જેથી સાનુકૂળ વાતાવરણનું સર્જન કરી શકાય. આ મુજબ સરકારે શાળા અને કોલેજ સ્તરે રાજ્ય વ્યાપી સ્પોર્ટસ લીગ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ પ્રકારનું માળખું સ્થાપવાના ઉદ્દેશો નીચે મુજબ છે: રાજ્યના ખેલાડીઓને લાંબાગાળા માટે સ્પર્ધાત્મક માળખું પૂરૂ પાડવું. ગર ખેલાડીઓમાં સ્પર્ધાત્મક રમતની ભાવના વિકસાવવી અને ખેલાડીઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ માટે તેમાં ભાગ લઈને સિધ્ધિઓ હાંસલ કરવાનું ગૌરવ પેદા કરવું. દરેક રમતમાં સ્ટેટ લેવલની ટીમની પસંદગી માટે દેખાવલક્ષી (performance-oriented) પસંદગી પ્રક્રિયાનું નિર્માણ કરવું. શાળાઓ/કોલેજો અને સ્પોર્ટસ ગ્રુપ્સની સ્પોર્ટસ લીગમાં સામેલગીરી વધારવી. ગુજરાત સરકાર ઝોનલ લેવલે ૪ ઝોનના વિજેતાઓને રૂા.૧.૯૬ કરોડ આપશે તથા રાજ્ય સ્તરે તે વિજેતાઓને રૂા.૧.૫૪ કરોડ આપશે. એકંદરે વિજેતાઓને રૂા.૩.૫૦ કરોડના આકર્ષક રોકડ ઈનામો અપાશે. વધુ માહિતી sportsleague_gujarat@yahoo.co.in ઉપર ઈમેલ કરીને તથા ટોલ ફ્રી નંબર-૧૮૦૦ ૨૭૪૪ ૧૫૧ ઉપર થી મેળવી શકાશે.



ભુવનેશ્વર યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા ભુવનેશ્વર મહાદેવ મંદિર, સૅક્ટર-૬ ખાતે અનંત ચતુર્દશી નિમિત્તે ગણેશયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧**
મેઝ રનર (હિન્દી)
સવારે ૯.૧૦, ૨.૩૦, ૭.૫૦
ભાગ જોની
૧૨.૦૦, ૫.૨૦
કેલેન્ડર ગર્લ્સ
૧૦.૪૦

**સ્ક્રીન-૨**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૯.૪૦, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫
કટ્ટી બટ્ટી
૧૨.૪૫

**સ્ક્રીન-૩**
કિસ કિસ કો પ્યાર કરું
૧૦.૩૦, ૧.૨૫,
૪.૨૦, ૧૦.૦૫
કેલેન્ડર ગર્લ્સ
૭.૧૫

**સ્ક્રીન-૪**
કેલેન્ડર ગર્લ્સ
૧૦.૦૦, ૪.૦૦
બાંકિ કી ક્રેઝી બારાત
૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

# મુક્તા એટુ સિનેમાઝ દ્વારા સિનેમા ચાહકો સાથે ચોથી વર્ષગાંઠની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૭

ભારતના અત્યંત પ્રતિષ્ઠિત બેનર્સમાં સમાવેશ પામતી મુક્તા આર્ટસ લિમિટેડની સિનેમા શાખા મુક્તા એટુ સિનેમાએ ગુજરાત રાજ્યમાં અમદાવાદ અને વડોદરા ખાતે તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ પ્રારંભ કર્યો હતો અને એ પછી પાછા વળીને જોયું નથી. આ યાદગાર પ્રસંગ અંગે આનંદ વ્યક્ત કરતાં મુક્તા આર્ટસ લિમિટેડની મેનેજીંગ ડિરેક્ટર રાહુલ પુરી જણાવે છે કે "મુક્તા એટુ સિનેમા ગુજરાતમાં આગળ વધી રહી છે તે બાબત અમારી અમદાવાદની પ્રોપર્ટીઝ ઉપરથી જણાઈ આવે છે. આ પ્રકારની સફળતાને કારણે અમારી વધુ વિસ્તરણ કરવાની ઈચ્છા પ્રબળ બની છે. આ બાબત દર્શાવે છે કે ગ્રાહકો કેવી રીતે થીયેટરમાં સંપૂર્ણ અનુભવની અપેક્ષા રાખતાં હોય છે. મુક્તા એટુ સિનેમા ખાતે અમે લક્ષિત દર્શકોને વિશ્વ સ્તરની સુવિધા, ભિન્ન પ્રકારનું ભરપેટ ભોજન તથા પીણાંના વિકલ્પો, સારી સર્વિસ, વૈભવશાળી બેઠકો, નાણાંનું મૂલ્ય અને અગાઉ પ્રાપ્ત ન થયો હોય તેવો અનુભવ પૂરી પાડીએ છીએ." આ સિમાચિન્હરૂપ



પ્રસંગની ઉજવણી માટે મુક્તા એટુ સિનેમાએ શુક્રવાર તા. ૧૯ સપ્ટેમબરથી શરૂ કરીને સોમવાર તા. ૨૧ સપ્ટેમ્બર સુધી ચાર દિવસ ઉજવણીનું આયોજન કર્યું હતું. સિનેમા ચાહકો ટેટુ મેકીંગ, હેર બ્રેઈડીંગ, સ્ટાઈલીંગ, નેઈલ આર્ટ ફન ગેસ અને મહેંદી ડિઝાઈનીંગની સાથે સાથે અન્ય કાર્યક્રમોમાં પણ સામેલ થયા હતા. દરેક વિજેતાનું મુક્તા એટુ સિનેમાના પ્રતિનિધિ દ્વારા બહુમાન કરાયું હતું.

પ્રારંભથી જ બંને શહેરોમાં મુક્તા એટુ સિનેમાની ઓક્યુપન્સીમાં વધારો થતો રહ્યો છે. અમદાવાદમાં ૪૪.૪૨ ટકા તથા વડોદરામાં ૪૯.૦૬ ટકા લોકોનું આગમન થયું હતું. મુક્તા એટુ સિનેમા ખાતે અમદાવાદ અને વડોદરાના સિનેમા ચાહકોની સંખ્યામાં થઈ રહેલો વધારો ફિલ્મ જોવાના એકંદર અનુભવનું ઉદાહરણ છે. મુક્તા એટુ સિનેમા સિનેમા જોવા આવતા લોકોનેની સમજ પારખીને તથા તેમની અગ્રતાઓ સમજીને સતત સુધારા કરી રહી છે.

## 'પ્રગતિશીલ શિક્ષણ'માં સ્વભાવ સુધારણાની વાત

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતના શિક્ષકોના માનીતા માસિક 'પ્રગતિશીલ શિક્ષણ'ના તાજેતરના અંકમાં 'સ્વભાવ કેવી રીતે સુધારી શકાય?' એ વિષયે વિનુભાઈ પટેલનો ચિંતનાત્મક લેખ આપવામાં આવ્યો છે.

ડૉ. પી જી પટેલના તંત્રીપદે પ્રકાશિત આ માસિકના પરામર્શકો ડૉ. ગુણવંત શાહ અને ડૉ. રવિન્દ્ર દવે છે, જેના સ્વભાવ સુધારણા અંગેના આ લેખમાં સ્વભાવ સુધારવાના પાંચ સિદ્ધાંતો આપવામાં આવ્યા છે અને તેમના અંગે વિશદ્ સમજૂતી આપવામાં આવી છે.

તમે સદા મરક મરક હસતા રહેશો તો તમારા સ્વભાવ પર જાદુઈ અસર થશે અને સાથોસાથ તમારું સ્વાસ્થ્ય પણ સુધરશે. બ્યુટી પાર્લરમાં ગયા વગર તમારી સુંદરતા વધશે, ચહેરો ચમકી ઊઠશે ને ખીલી ઉઠશે એમ સ્વભાવ સુધારણા અંગેના આ લેખમાં લેખક દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ગણેશ મહોત્સવ દરમ્યાન ગાંધીનગરના કલાકારો કડી અને અમદાવાદમાં ઝળક્યા





તસવીર : કશ્યપ નિમાવત

ગાંધીનગર, તા. ૨૭

સમગ્ર ગણેશ મહોત્સવ દરમ્યાન ગાંધીનગરના નાટ્ય કલાકારોએ ગાંધીનગર ઉપરાંત કડી અને અમદાવાદ ખાતે નાટ્યના પ્રયોગો રજૂ કરી ગાંધીનગરનું નામ ગૂંજતું કર્યું હતું.

ગણેશ મહોત્સવ, સૅક્ટર-૨ સી ખાતે બે રાત્રિ દરમ્યાન ત્રણ અલગ-અલગ નાટ્યના પ્રયોગો રજૂ કર્યા બાદ જી ઈ ક્લબ નિર્મિત અને હિમાંશુ ભચેચ, ગાંધીનગર ગૃપ પ્રસ્તુત કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'માત-પિતાને વંદન' કડી ખાતે ભજવાયું હતું. ગજાનન યુવક મંડળ, નાની કડી રોડ આયોજિત ગણેશ મહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક સંધ્યામાં આ નાટક ભજવાયું હતું, જ્યાં પ્રેક્ષકોએ તેને ખૂબ વખાણ્યું હતું અને નાટકને આજના સમયની જરૂરિયાતસમું ગણાવ્યું હતું.

એ પછી અમદાવાદ ખાતે ખજૂરીની પોળ ખાતે મહાલક્ષ્મી મંદિરના પટાંગણમાં શ્રી ગણેશ મિત્ર મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવ અંતર્ગત પણ આ જ નાટક રજૂ થયું હતું, જ્યાં નાટકના પરાકાષ્ટાનાં દશ્યોમાં મહિલાઓ રીતસર રડી પડી હતી. નાટક પૂર્ણ થયા બાદ સૌ વર્ગના પ્રેક્ષકોએ નાટકને એક અવાજે વખાણ્યું હતું અને કેટલાંક વયસ્કોએ તો આ નાટકની ભજવણી બદલ કલાકારોની પીઠ પણ થાબડી હતી. સંયુક્ત પરિવારની વાત કહેતા અને માતા-પિતાની જરૂરિયાતની દુહાઈ દેતા આ નાટકમાં માસ્ટર પર્વ નિમાવત, આદિત્ય ભાવસાર, નીલમ મછાર, સૌરભ જોષી, બ્રિજરાજસિંહ ઝાલા, પ્રતિક્ષા નિમાવત, કલ્પ ત્રિવેદી, પાર્થ બારોટ અને કુંતલ નિમાવત દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. દિવ્યકાન્ત વર્માએ સંગીત સંચાલન, મયુર ભાટિયાએ લાઈટ સંચાલન તથા લવ રાવત-દર્શન ભાવસારે સૅટીંગ્સની જવાબદારી સંભાળી હતી.



વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર સંચાલિત શ્રી સરસ્વતી શિશુવાટિકા અને પ્રાથમિક વિદ્યામંદિરનાં બાળકો, આચાર્યો, કર્મચારીઓની આંખની નિઃશુલ્ક તપાસ ગાંધીનગરના જાણીતા આંખના સર્જન ડૉ. હર્ષદભાઈ ચૌધરીએ કરી સમાજ પ્રત્યેની પોતાની શુભનિષ્ઠાનું અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે 'વાલી સાથેના સોપાનમાં બાળકોના ઉછેરમાં માતાપિતાનું કર્તવ્ય' વિષયે બાળવિશ્વવિદ્યાલયના તજ્જ્ઞ અને વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના પદાધિકારી ઋતાબેન પરમારે ઉત્તમ માર્ગદર્શન આપ્યું હતું.

# એક શામ રફી કે નામ બન ગઈ યાદગાર શામ





તસવીર : કશ્યપ નિમાવત

ગાંધીનગરમાં સંગીત પ્રેમીઓમાં જેમનું નામ ગૌરવપૂર્વક લેવાય છે એવા હારિત દવે કે જેઓ ૮૪ વર્ષની વયે પણ રોજ રફીના દસ ગીતો સાંભળ્યા વગર સુતા નથી, એમણે પોતાના ઘરમાં જ રફીની યાદો અને અવાજની એક સુંદર સ્મૃતિગૃહ બનાવ્યું છે. મહંમદ રફી પર વારી જનારા આ આશીકે રફીએ 'એક શામ રફીકે નામ' કરીને એમનો અનન્ય પ્રેમ જતાવતો કાર્યક્રમ યોજ્યો હતો...

રફીને ફિલ્મફેર અપાવનાર 'મુકદ્દર કા સિકંદર' ફિલ્મના ગીત 'રોતે હુએ આતે હૈં સબ..' સાથે કાર્યક્રમની હૃદયસ્પર્શી શરૂઆત.

કાર્યક્રમના એન્કર મોહસીન શેખે કાર્યક્રમના આયોજક હારિત દવેના આશીર્વાદ સાથે રાગ લલિત પર આધારિત કલ્પના ફિલ્મનું રફી-મન્નાડેનું ગીત 'તુ હે મેરા પ્રેમ દેવતા...' સાથે જ અદ્ભૂત માહોલ રચાયો...

'અજી બસ શુક્રિયા' ફારૂખ કૈસરના શબ્દો અને રોશનના સંગીતનું લતાનું ગીત 'સારી સારી રાત તેરી યાદ સતાયે...', ગીત ફિલ્મનું રફી-લતાનું ગીત 'આજા તુજકો પુકારો મેરે ગીત રે...', સાંજ ઔર સવેરા ફિલ્મનું સુમન કલ્યાણપુર-રફીનું ગીત 'અજહું ના આયે બાલમા...' ત્રણેય ગીતો એની રજૂઆત અને લોકપ્રિયતાને કારણે માણવા જેવાં બની રહ્યાં...





નાગીન ફિલ્મનું હેમંતકુમારનું ગાયેલું અને સંગીતબધ્ધ કરેલું ગીત 'ઓ જિંદગી કે દેને વાલે...', આરજુ ફિલ્મનું શંકર-જયકિશન-હસરત-લતાનું ફેમસ ગીત 'બેદર્દી બાલમા તુજકો મેરા મન યાદ કરતા હૈ...', વરદાન ફિલ્મનું કલ્યાણજી-આણંદજી-વર્મા મલિક-રફીનું હૃદયસ્પર્શી ગીત 'કુછ લોગ યહાં પર ઐસે હૈ...' સુંદર રીતે રજૂ થયું ને ઝીલાયું પણ. ઓ પી નૈયરના અદ્ભૂત સંગીતમાં ઉષા-આશા મંગેશકરના રેર કોમ્બિનેશનનું ગીત 'દેખો બિજલી ડોલે બિન બાદલ કી...' કે જે ફિલ્મ 'ફિર વોહી દિલ લાયા હું'નું હતું જે દરમ્યાન શા માટે ઓ પી નૈયરે ક્યારેય એમના સંગીતમાં લતાનો કંઠ ન લીધો? એની વાત જાણવા મળી. 'ગુંજ ઉઠી શહનાઈ' ફિલ્મનું વસંત દેસાઈનું સંગીત ભરત વ્યાસના શબ્દો અને રફીના દર્દની ઘુંટન એટલે 'કહ દો કોઈ ના કરે યહાં પ્યાર...' અને દર્દને કાયમ રાખતાં 'લીડર' ફિલ્મનું નૌશાદ-શકીલ-રફીનું સજ્જડ કોમ્બિનેશન એવું ગીત 'એક શહનશાહ ને બનવા કે હસીં તાજમહલ...' બંને ગીતો એટલે એક હૃદય સોંસરવી ણીટ છાપ ઉપસાવે એવાં...

અન્જાના ફિલ્મનું રફી-સુમન કલ્યાણપુર-લક્ષ્મી-પ્યારે-આનંદ બક્ષીનું ગીત 'કે જાન ચલી જાયે, જિયા નહીં જાયે...', લવ ઈન ટોકિયો ફિલ્મનું શંકર-જયકિશન, હસરત-રફીનું 'આજા રે આ જરા...', બેટી-બેટે ફિલ્મનું શાસ્ત્રીય રાગ પર આધારીત રફીની કમાલનું ગીત 'રાધિકે તુને બંસરી ચુરાઈ...', બુટ પૉલિશ ફિલ્મનું મન્નાડેનું અદ્ભૂત ક્લાસિકલ સોંગ કે જે ડેવિડ જેવા સાઈડ આર્ટિસ્ટ પર ફિલ્માવેલું 'લપક ઝપક તુ આરે બદરવા...', ભરત વ્યાસના શબ્દો અને આદિ નારાયણ રાવના સંગીતવાળું 'કુહુ-કુહુ બોલે કોયલિયા...', ગાંધીનગરના ગાયક આસિફ સૈયદ દ્વારા તેરે ઘર કે સામને ફિલ્મનું એસડી બર્મન-હસરનું ગીત 'તુ કહાં યે બતા...', દિદારનું રફી-નૌશાદ-શકીલનું કૉમ્બિનેશન 'મેરી કહાની ભૂલને વાલે...', મહેમૂદ-રાજ કપૂર પર પિક્ચરાઈઝ કરેલું 'મામા ઓ મામા...' મન્નાડે-રફી અને ફિલ્મ 'પરવરિશ' સિલેક્શનને કારણે વખણાયા... કાર્યક્રમમાં ગાયક તરીકે આવેલી આનલ વસાવડા એટલે વર્સેટાઈલ સિંગર, નયના શર્મા એટલે ન્યૂસેન્સેશન, નીરજ પાઠક વૉઈસ ઑફ કિશોર, વિશ્વનાથ બાટુંગે થનગનતો નવયુવાન, વૉઈસ ઑફ મુકેશ પણ આજે માત્ર ઍન્કરીંગમાં અવાજ આપી રહેલાં મોહસીન શેખ માહિતીસભર અને રસાળ રજૂઆતથી મહેફિલ સજાવી રાખી. તબલાં પર પાર્થ ત્રિપાઠી, ઢોલક કમલેશ ડાભી, કોંગોબોંગો દિનેશ, ઑક્ટોપેડ ભાવેશ ડાભી, ગિટાર સમીપ, બેઝ ગિટાર વાસુ ચાવડા, ડ્રમ વિપીન સોલંકી અને સંગીત સંચાલન તેમજ કિ-બોર્ડ પર સંદિપ ક્રિશ્ચિન બધાંએ રફીના ગીતોની યાત્રામાં ઓલ્ડ ગોલ્ડન યેરા જેવા દશ્યો ખડાં કર્યાં...

# મધદરિયે નાવ હંકારતા નાવિકને વળી મોજાનો ડર કેટલો ?

જીવનરૂપી ઉછળતા કૂદતા મોજાઓ હર વળાંકે નાવિકની કસોટી લે છે અને નાવિકને પણ આ મોજાઓની સપાટી ઉપર રહેવું પડે છે. આ જ જીવનની વાસ્તવિકતા છે પણ કાચી માટીની મનુષ્યમાં એવી હિંમત ખરી કે હલેસુ લઈને જીવનદરિયો ખેડવા નીકળી પડે અને એમાં પણ નાવિક જો સ્ત્રી હોય તો? કદાચ અર્નેસ્ટ હેમિંગ્વેએ આવી વાર્તા લખવા ફરી જન્મ લેવો પડશે.



આવી એક નાયિકા કે જેણે પોતાના પિતાનો ચહેરો યાદ નથી. માતાનો અથાગ સંઘર્ષ જોયો છે. કહેવાતા સમાજ અને કુટુંબીજનો તક જોઈને એક પછી એક વિદાય લે છે. ઘર દેવામાં ડૂબી જાય છે અને ત્યાં શરૂ થાય છે માનવ જીવનની અત્યંત સંઘર્ષપૂર્ણ ગાથા - અસ્તિત્વ માટેનો સંઘર્ષ. અરે! આ કોઈ ફિલ્મની સ્ટોરી નથી. જરા ધ્યાનથી વાંચો.

વાંચતા રોમાંચક લાગે પણ જીવન જીવાતા અત્યંત કઠિન લાગે તેવી ગાથા 'ગાંધીનગરની' જ એક દીકરી વૈશાલી અરશીભાઈ માડમ (આહિર)ની છે. તો સાંભળીએ તેની આ કથા.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દાત્રાણા ગામની વતની છે જેણે ઍમએ બીએડ અંગ્રેજી વિષય સાથે અભ્યાસ કરેલ છે. તેણીએ તાજેતરમાં લેવાયેલ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (પીએસઆઈ)ની પરીક્ષામાં આખા ગુજરાતમાં ૧૪મો ક્રમ મેળવ્યો છે. રસોઈ અને



ગરબામાં શોખ ધરાવે છે. રાજ્યકક્ષાએ ગરબા સ્પર્ધામાં જઈ ચૂકી છે. નવરાત્રિ દરમયાન 'કલ્ચરલ ફોરમ'ના આંગણે ગરબે ઘૂમતી અને તેનું નામ વિજેતા તરીકે પેપરમાં જોવા મળે જ.

વૈશાલીએ ટેટ, ટાટ, ટેટ-૨ પરીક્ષા ઉચ્ચગુણ સાથે પાસ કરી છે. સાથે સાથે હાઈ કૉર્ટ ક્લર્ક, રેવન્યૂ તલાટી, તલાટી મંત્રી પરીક્ષાઓ પણ પાસ કરી છે. શિક્ષિકાની પ્રતિષ્ઠિત નોકરી છોડી પીએસઆઈમાં ઝંપલાવ્યું. શા માટે પોલીસ અધિકારી જ બનવું હતું? એવું પૂછતાં કહે છે કે દરેકના જીવનમાં એક ધ્યેય હોય છે. મારે પણ હતો. જે હાલમાં પીએસઆઈ બની પૂર્ણ કર્યો.

જીવનમાં એક ઘટના એવી બની ગઈ જેના લીધે વળાંક આવી ગયો. માતાના ત્રણ સંતાનો. તેમાં વૈશાલી સૌથી નાની દીકરી. અઢી વર્ષની વયે પિતાનું સુખ ગુમાવ્યું. દગેબાજીથી અકસ્માત સર્જી પિતાનું મૃત્યુ નિકટના સગાએ કર્યું. પિતાના સમયમાં પ્રતિષ્ઠા, નામ ધરાવનાર આ પરિવાર





વિખૂટો પડવા લાગ્યો. સગા વ્હાલાનો સાથ સ્વાર્થની માત્રા પ્રમાણે છૂટવા લાગ્યો. માતા ઉછીતા-પાછીતા પૈસા લઈ બાળકોને મોટા કર્યા. લાચારી, નિઃસહાય પરિસ્થિતિ અને ઘોર અંધકાર વચ્ચે કુટુંબ ઝોલા ખાવા લાગ્યું. અંધકારમાં એક માત્ર પ્રકાશ બિંદુ એટલે ત્રણ બાળકોની આવતીકાલ - તેના સહારે માતાએ સંઘર્ષ કર્યો.

સમગ્ર વાત વાગોળતા વૈશાલી કહે છે કે ભાઈ ભણવાની ઉંમરે કમાવા હેતુ પાનના ગલ્લે બેસતો ઘરમાં માત્ર દસ (૧૦) રૂ.નું ખાદ્ય તેલ આવતું. પિતાના સમયમાં સમૃદ્ધિ, સંપત્તિ વાળું ઘર કે જેણે ઘરબહાર પગ ન મૂકવો પડતો એને આવા લાચારી ભર્યા દિવસો જોયા.

એક ઘરના સભ્યનાં જતાં જાણે બધું જ જતું રહ્યું. માતા ધો-૮ ભણેલા, એ સમયમાં પોલીસમાં જવું હતું. તો નાના બાપુએ એ કહેતા ના પાડી હતી કે દીકરી તો કાંઈ પોલીસમાં જાય? વૈશાલી જ્યારે સમજણી થઈ ત્યારે થયું કે પિતાની ખોવાયેલ પ્રતિષ્ઠા પાછી મેળવીને જ રહીશ. ભાઈને પણ પીએસઆઈ બનવું હતું પરંતુ સમયનાં સંજોગોમાં તે પરીક્ષા પાસ ન કરી શક્યો. આ બધું વિચારીને તેણીએ પીએસઆઈ બનવાનું નક્કી કર્યું. એ સમયએ રૂઢિચુસ્ત સમાજ, સ્ત્રી શિક્ષણમાં માનનાર ન હતો. એમાં ક્યાં પીએસઆઈ થવાય? અનુસ્નાતક સુધી ભણ્યા બાદ બીએડની ઘરમાંથી હા પાડી. વિચાર્યું કે કો'ક એ તો ચિલો ચિતરવો પડશેને? ક્યાં સુધી ડર રાખી જીવે જવું. વધુ ભણતર લગ્ન માટે જો બાધારૂપ બને તો શું લગ્ન એજ જીવનનો લક્ષ્ય છે? એવા વિચારો તેણીનાં મનમાં આવતા. ત્યાં એક દિવસ અધ્યાપકનો ફોન આવ્યો, ફેકલ્ટીની જરૂર છે. ઘરનાએ હા પાડી અને વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત થઈ. બસ પછી તો બીએડ કર્યું હતું તો શિક્ષિકા બની નોકરી મેળવી. પણ મન માનતું નહિ. તેણી જીવ તો પેલા અધૂરા સ્વપ્ન માં હતો.

પીએસઆઈની ભરતી સંભળાતા તૈયારીની શરૂઆત કરી. પરીક્ષા ૩ તબક્કામાં લેવાય છે. પ્રથમ તબક્કો શારીરિક કસોટી નો હોય છે. જે દોડ ૧૬૦૦ મી.નો હોય છે. વૈશાલીએ પોતાના ક્લાસના વિદ્યાર્થીઓની મદદથી દોડની પ્રૅક્ટિસ શરૂ કરી અને પછી તો છોકરાઓને પણ દોડમાં હંફાવવા લાગી. ૯ મિનિટ ૨૦ સૅકન્ડમાં દોડ પૂર્ણ કરવાની હોય છે જે તેણીએ ૮ મિનિટમાં જ પૂર્ણ કરી અને બીજા ચરણ લેખિત પરીક્ષામાં ઉર્તિણ થઈ. અંગ્રેજી વિષય તેનો હતો જેથી લાભ ઉઠાવી તેમાં પણ હાઈસ્કોર મેળવી અંતિમ અને મહત્વના તબક્કા મૌખિક કસોટીમાં પસંદગી પામી. શિક્ષિકા તરીકે કાર્ય કરેલુ હતું જેથી કોઈ ભય ન હતો. ઈન્ટર્વ્યૂ સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે એક પછી એક પ્રશ્નના જવાબ હસતા મોઢે આપ્યા.

પરંતુ સંઘર્ષ જાણે તેના માટે પર્યાપ્ત બની ગયો હોય તેમ પરિણામ પણ કાંઈ જલ્દી આવે ??? પરીક્ષા વાદ-વિવાદ માં આવી અને છેક દોઢ મહિના બાદ પરિણામ જાહેર થયું. તેનું સ્વપ્ન પૂરું થયું. સંઘર્ષ તેના પરિવારનો પણ હતો. અને સંપૂર્ણ સાથ સહકારથી પોતે આજે પોતાના ગામ દાત્રાણા (દેવભૂમિ દ્વારકા જિ.)ની પ્રથમ મહિલા પોલીસ અધિકારી બની.